31 ઓગસ્ટ, 2006

## સ્ટાર શ્રેણીવાળી બેંક નોટ

આરબીઆઇ ટુંક સમયમાં સ્ટાર શ્રેણીવાળી ચલણી બેંક નોટ બહાર પાડશે આ નોટો રૂ. 10, 20 તથા રૂ. 50 ના મૂલ્યવર્ગમાં મહાત્મા ગાંધી શ્રેણી-2005 અંતર્ગત બહાર પાડવામાં આવશે. સ્ટાર શ્રેણીની ચલણીનોટો આબેહુબ હાલની રૂ. 10, રૂ. 20 તથા રૂ. 50 ની ચલણી નોટો જેવીજ હશે પરંતુ તેમા ફરક એટલો હશે કે તે નોટોનાં નંબર પેનલમાં ઉપસર્ગ અને સંખ્યા વચ્ચે તારાનું ચિહ્ન વધારાનું હશે. પરિણામે ભારતીય રિઝર્વ બેંક દ્વારા ચલણ મા મુકવામા આવતી નવી નોટોના અમુક બંડલો આવી સીરીઝ ચલણી નોટો ધરાવતા હશે. જેમાં નંબર પેનલમાં ઉપસર્ગ અને સંખ્યા વચ્ચેતારાનું ચિહ્ન વધારાનું હશે. આવા બંડલ ઉપર બાંધવામા આવેલ બેન્ડમાં આવી નોટો હોવાની સુચના લખેલી હશે. જોકો નવા બંડલમાં તમામ નોટો સ્ટાર શ્રેણીવાળી હશે જે 100 ની સંખ્યામા હશે. આવી સ્ટાર શ્રેણીવાળી નોટ કાયદેસરની છે તથા જાહેર જનતા તેનો છુટ થી સ્વીકાર કરે.

આ સ્ટાર શ્રેણીવાળી નોટોના નવા બંડલો આરબીઆઇ દ્વારા ક્રમાનુસાર 1 થી 100 મુજબ હોય છે. દરેક નોટ ઉપર ઉપસર્ગ સાથેનો અલાયદો નંબર રહેશે. આ પધ્ધતિ મા વધારાનો સમય ખર્ચ તથા માનવ કલાકોનો વપરાશ થાય છે.

પોતની કામગીરીને આંતરરાષ્ટ્રીય સ્તરની બનાવવા હેતુ તથા ખર્ચ ઘટાડવા તથા પ્રેસોની કાર્યક્ષમતા વધારવા માટે આરબીઆઇએ સ્ટાર શ્રેણીવાળી નોટોમાં નંબરીંગ પધ્ધતિ દાખલ કરી છે. જેના દ્વારા સરળતાથી ખોટી / ખરાબ છાપકામ વાળી ચલણી નોટો આસાનીથી બદલવામાં આવશે. ઉપરોકતની જાહેરાત 2006-07 ના વાર્ષિક નીતિ સ્ટેટમેન્ટમા એપ્રિલ મહિનામાં થઇ હતી.

અલ્પના કિલ્લાવાલા
મુખ્ય મહા પ્રબંધક

પ્રેસ વિજ્ઞાપન : 2006-2007/ 307